ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૨૭ ટકા

# શહેરમાં નિકળી ભગવાન પરશુરામની ભવ્ય શોભાયાત્રા

## જય પરશુરામના જયઘોષથી નગર ગુંજી ઉઠ્યુ : યાત્રાનું ઠેર ઠેર સ્વાગત ભાવિકોને ઠંડા પીણાં સાથે છાશ પાણી અને નાસ્તાનું વિતરણ : મહીલાઓ પણ મોટી સંખ્યામાં જોડાઇ

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર બ્રહ્મસમાજ દ્વારા પરશુરામ જયંતિ નિમિત્તે શહેરમાં ભવ્ય શોભાયાત્રાનુ આયોનજ કરવામાં આવ્યુ હતુ. બ્રહ્મસમાજ યુવા પાંખ આયોજિત પરશુરામ યાત્રાનો પ્રારંભ સવારે સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિરથી કરવામાં આવ્યો હતો. બ્રહ્મભવનથી નિકળેલી આ યાત્રામાં બ્રહ્મસમાજના યુવાનો સહીત સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. ૨૦ કાર અને ૩૮ બાઈક સાથે નિકળેલી યાત્રાથી નગરના માર્ગો જય પરશુરામના જયઘોષથી ગુંજી ઉઠ્યા હતા. પરશુરામ યાત્રાનુ નગરમાં ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ભાવિકો દ્વારા યાત્રિકો માટે નાસ્તા ઠંડા પાણી તેમજ છાશ વિતરણ કરવામાં આવ્યુ હતુ. જય પરશુરામ લખેલી કેસરી રંગની ટી શર્ટ તેમજ વાહન પર ભગવા ધ્વજ સાથે નિકળેલી પરશુરામ યાત્રાએ નગરમાં અનેરૂ આકર્ષણ જગાવ્યુ હતુ.





ભગવાન પરશુરામની જન્મ જયંતિ નિમિત્તે બ્રહ્મસમાજ દ્વારા નગરમાં આજે ભવ્ય શોભાયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. યુવા પાંખ આયોજિત શોભાયાત્રાનુ સવારે સે-૧૬ સ્થિત સોમનાથ મંદિરથી પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. બ્રહ્મસમાજના અગ્રણીઓ ઉપરાંત સમાજના યુવાનો મોટી સંખ્યામાં યાત્રામાં જોડાયા હતા. જય પરશુરામના જયઘોષ અને ડી જે ની સુરાવલી સાથે નિકળેલી યાત્રા સે-૧૬ માંથી આગળ વધીને સે-૨૨ ના રૂટમાં આગળ વધી હતી. જયાં પંચદેવ મંદિર પાસે યાત્રાનુ ભવ્ય સ્વાગત કરાયુ હતુ. પંચદેવ મંદિરના પુજારી ભાનુભાઈ સહીત સેકટરવાસીઓએ યાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. બ્રહ્મસમાજના મિતુલ જોષી તેમજ ધવલ દવે તરફથી ભાવિકો માટે બટાટા પૌંઆની વ્યવસ્થા કરવામાં આવી હતી. ગુડાના ચેરમેન આશિષ દવે તેમજ કોંગ્રેસના અગ્રણી નિશિત વ્યાસે પણ પરશુરામ યાત્રાનુ ભવ્ય સ્વાગત કર્યુ હતુ. સે-૨૨ માં થઈને સે-૨૧ વૈજનાથ મહાદેવ મંદિરે પહોંચી હતી. જયાં ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીએ પુજાવિધિ કરી યાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. ત્યારબાદ યાત્રા રોડ નં-૬ પર આગળ વધી હતી આ દરમિયાન સે-૨૩ - ૨૮ પાસે યાત્રાનુ સ્વાગત કરાયુ હતુ. સે-૨૭ તરફ આગળ વધી હતી. જયાં એસ આર પી કવાર્ટરમાં મહાદેવ મંદિરમાં પરશુરામ યાત્રાનુ આરતી ઉતારી સ્વાગત કરાયુ હતુ. યાત્રા સે-૨૬માં થઈને સે-૨૪ પાસેથી ગ માર્ગ પર આગળ વધતી હતી. ત્યારબાદ સે-૪ માં યાત્રિકો માટે છાશની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જયાંથી સે-૩ સાંઈબાબા મંદિર પાસે પહોંચેલી યાત્રાનુ સ્થાનિક કોર્પોરેટર વિરલ જોષી,જયરાજસિંહ વાઘેલા દ્વારા સ્વાગત કરાયુ હતુ. જયારે સે-૨ સ્વામિનારાયણ મંદિર પાસે પણ યાત્રાનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ યાત્રા સે-૧ ગાયત્રી મંદિર પહોંચી હતી. કોર્પોરેટર કાર્તિક પટેલે યાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. ત્યારબાદ સે-૮ માં પ્રવેશેલી પરશુરામ યાત્રાનુ બ્રહ્મસમાજના અગ્રણી અશ્વિન ત્રિવેદી ,દિવ્ય ત્રિવેદી તેમજ નાજાભાઈ ઘાંઘરે સ્વાગત કર્યુ હતુ. સે-૭ શિવશક્તિ મંદિર પાસે પણ લાલુભા વાઘેલા તેમજ સ્થાનિક આગેવાનો દ્વારા યાત્રાનુ સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ આગળ વધતી યાત્રા સે-૧૭ હનુમાન મંદિર થઈ ઘ-૫ થઈને નિયત રૂટ પર સોમનાથ મંદિર પરત ફરી હતી. ભગવાન પુરશુરામની શોભાયાત્રામાં સમાજના અગ્રણીઓ યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. પરશુરામ યાત્રાના આયોજનને સફળ બનાવવા માટે યુવા પાંખના પ્રમુખ જીગર ત્રિવેદી સહીત યુવા ટીમે જહેમત ઉઠાવી હતી. પરશુરામ યાત્રાના અંતે બ્રહ્મભવન ખાતે ૨૦૦ જેટલા ભાવિકોએ ભોજન લીધુ હતુ. જય પરશુરામના જયઘોષ સાથે નિકળેલી યાત્રા નગરમાં આસ્થાની સાથે આકર્ષણનુ કેન્દ્ર બની હતી. પરશુરામ યાત્રામાં મહીલાઓ પણ મોટી સંખ્યામાં જોડાઈ હતી.

## @ગાંધીનગર

● વંદેમાતરમ પરિવાર દ્વારા સરગાસણ ચાર રસ્તા વિસ્તારમાં સૂર્યા સર્કલ પાસે પ્રમુખનગરની પાછળ મારૂતિ આમ્રકુંજ-૨ સોસાયટીમાં બ્લોક નં. જી-૫૦૪ ખાતે વર્ષાબેન ચૌહાણના નિવાસસ્થાને બપોરે ૩ કલાકે આનંદનો ગરબો યોજાશે.

● ટીંટોડા ખાતે જૈન સમાજના સામૂહિક વર્ષીતપના તપસ્વીઓના પારણાં સવારે ૧૧ કલાકે ટીંટોડાના પિતાંબરદાસ વાલચંદ શાહ સાર્વજનિક કોમ્યુનિટિ હોલ ખાતે યોજાશે.

● આપણું ફાઉન્ડેશન દ્વારા આયોજિત સરકારી પ્રાથમિક શાળાના બાળકો માટેની ચેરિટિ ક્રિકેટ લીગ ટૂર્નામેન્ટની સેમીફાઈનલ ચ-૩ સર્કલ પાસે સે-૧૧માં લાયન્સ ગરબા ગ્રાઉન્ડ ખાતે સાંજે ૪ કલાકે યોજાશે.

● ભારત વિકાસ પરિષદની વાર્ષિક સાધારણ સભા રાંધેજા રોડ પર ઘુંઘટ હોલ ખાતે સાંજે ૬.૩૦ કલાકે યોજાશે.

## વેદ સ્કૂલની દિવંગત વિદ્યાર્થીનીને શ્રધ્ધાંજલિ



સરગાસણ ખાતેની વેદ ઈન્ટરનેશનલ સ્કૂલની વિદ્યાર્થીની કુ. મૈત્રી ગીરીશભાઈ પટેલનું ગત તા. ૨૭મી એપ્રિલ ગુરુવારે માર્ગ અકસ્માતમાં દુઃખદ અવસાન થયુંહતું. જેના અનુસંધાને તા. ૨૯મી એપ્રિલના રોજ સવારે ૭.૩૦ કલાકે વિદ્યાર્થીનીના પરિવારજનોની હાજરીમાં શોકસભા રાખવામાં આવી છે. આ શોકસભામાં સમગ્ર વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ પરીવારના વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા સદગતના આત્માની શાંતિ અર્થે ૨ મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે.

# સરગાસણ પાસે ઈવનીંગ વોકમાં નીકળેલો યુવાન લૂંટાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીક સરગાસણ પાસે ઈવનીંગ વૉકમાં નીકળેલા યુવાન સાથે લુંટનો બનાવ બન્યો હોવાની વિગતો ધ્યાને આવી છે. નવાઈની વાત તો એ છે કે મોં પર ફેંટો મારીને પાકીટ લુંટી લીધા બાદ ભોગ બનનાર યુવાને લૂંટારૂ ત્રિપુટી પાસે પાકીટમાં પડેલા ડોકયુમેન્ટ્સ પરત કરવા આજીજી કરતા લૂંટારૂઓએ રૂપિયા કાઢીને પાકીટ પાછુ પણ આપી દીધું હતું...! ચાલતા આવેલ ત્રણેય લુંટારૂઓ લુંટ કરીને સરકી ગયા હતા. ખાનગી હોસ્પિટલમાં દાખલ યુવાનની ફરિયાદને આધારે સે-૭ પોલિસે લુંટનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સરગાસણ પ્રમુખનગર પાસે આવેલા શાંતિ રેસીડેન્સી મકાન નં. સી-૫૦૪માં રહેતા સંગીતભાઈ સુરેશભાઈ ગુપ્તા ગઈ મોડી સાંજે જમી પરવારીને ઈવનીંગ વૉકમાં નીકળ્યા હતા. રાત્રે સાડા અગિયાર વાગ્યાના અરસામાં સંગીતભાઈ સત્યમેવ ફેમોસા ફ્લેટ પાસે પહોંચ્યા ત્યારે સામેથી આશરે ૨૦ થી ૨૫ વર્ષના ત્રણ યુવાનો તેમની પાસે ચાલતા ચાલતા આવ્યા...! હિન્દી-ગુજરાતી ભાષામાં ધમકીઓ આપી મોં પર મુક્કા-ફેંટો મારી પૈસે દેદો કહેતા હતા. સંગીતભાઈએ ખિસ્સામાંથી પાકીટ કાઢીને આપ્યું એટલે ત્રણેયે પાકીટ લઈ લીધું. સંગીતભાઈએ આજીજી કરી કે પાકીટમાંથી રૂપિયા લઈ લો.. મારા જરૂરી ડોકયુમેન્ટસ પાકીટમાં છે તે આપો...! લૂંટારૂઓ દયાવાન બની ગયા અને પાકીટ ખોલીને અંદરથી રૂ. ૪૦૦ પડયા હતા તે લઈ લીધા અને પાકીટ પરત આપી દઈ ત્યાંથી સરકી ગયા હતા. ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ સંગીતભાઈને જડબામાં ક્રેક હોવાનું જાણવા મળ્યું છે. સંગીતભાઈની ફરિયાદ આધારે સે-૬ પીએસઆઈ એસ.ડી. ચૌધરી એ લુંટનો ગુનો નોંધી ગુનાની ઊંડી તપાસ શરુ કરી છે.

### મોડી સાંજે આરોપીઓ ઝડપાયા

ગાંધીનગર એસઓજીની ટીમે પીઆઈ ડી.ડી.સોઢાના માર્ગદર્શન હેઠળ આ દિશામાં તપાસ હાથ ધરીને લૂંટ ચલાવનાર ત્રણ સગીરોને બાતમીના આધારે ઘ-દોઢ સર્કલ પાસેથી બાઈક સાથે ઝડપી લીધા હતા. એસઓજી પી.એસ.આઈ. ડી.ડી. પરમારે આ શખ્સની પુછપરછ કરતા નાણાંની જરુરિયાત હોવાથી વધારે પૈસા મળવાની આશાએ એકલાતનો લાભ લઈને મારઝુડ કરીને લૂંટ ચલાવી હોવાની કબૂલાત કરી હતી. ત્રણેય આરોપીઓને સે-૭ પોલિસ સ્ટેશને સોંપાતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાતવાતમાં

● સ્વર્ણિમ પાર્કમાં વહેલી સવારના ખુશનુમા વાતાવરણમાં મોર્નિંગ વોકર્સની ભીડ વચ્ચે શહેરના ઘણા યુવાનો સજીધજીને ખભે કેમેરા લટકાવી આવી પહોંચે છે. સવારના સમયે ખિલતા તાજા ફુલોથી માંડીને સ્વર્ણિમ પાર્કના મનોહર દશ્યોને આ યુવા ફોટોગ્રાફરો કચકડે મઢી લેતા જોવા મળી રહ્યા છે.

# ઈસનપુર મોટામાં જમીનના ભાગ બાબતે કુટુંબીઓ વચ્ચે ધારીયા ઉછળ્યા

## હત્યાના પ્રયાસ મામલે ચિલોડા પોલિસે છ શખ્સો સામે ગુનો નોંધ્યો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીક આવેલા ઈસનપુર મોટા ગામમાં ગઈ કાલે બપોરના અરસામાં જમીનના ભાગ બાબતે કુટુંબના જ સભ્યો વચ્ચે માથાકુટ થતા ધારીયા ઉછળ્યા હતા અને પિતરાઈ ભાઈ પર ધારદાર હથિયારો વડે જીવલેણ હુમલો થયો હતો. ચિલોડા પોલિસે આ મામલે કુટુંબના છ હુમલાખોર સભ્યો સામે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરીને આરોપીઓને પકડવા તજવીજ શરુ કરી છે.

ચિલોડા નજીકના ઈસનપુર મોટા ગામની એક જમીન છે. આ જમીન બાબતે ભાઈઓના ભાગનો ડખ્ખો ઘણા સમયથી ચાલે છે. જમીનની વહેંચણી બાબતે અગાઉ પણ કુટુંબીઓ વચ્ચે ઝગડાઓ થયેલ છે અને કોર્ટમાં પણ આ મેટર ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે. અમદાવાદ કૃષ્ણનગર ખાતે રહેતા કુટુંબના જ એક સભ્ય ઉમંગભાઈ ભરતભાઈ પટેલ જે સિવિલ એન્જિનિયર છે તે ગઈ કાલે આ જમીનના સ્થળે ઈસનપુર મોટા આવ્યા હતા. ફરી મામલો બિચકયો અને માથાકુટ થતા છ કુટુંબીજનોએ તેમની પર જીવલેણ હુમલો કરી દેતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ચિલોડા પોલીસે ઉમંગ પટેલની ફરિયાદ આધારે ઋષિક ઉર્ફે રેમલો સુરેશભાઈ પટેલ, સુરેશ ઉર્ફે બકા પ્રહલાદભાઈ પટેલ, પ્રહલાદ રામાભાઈ પટેલ, હિના સંજયભાઈ પટેલ, શર્મિષ્ઠા સંજયભાઈ પટેલ અને જયોત્સના સુરેશભાઈ પટેલ (તમામ રહે. ઘુઘરીયા વાસ, ઈસનપુર મોટા ગામ) મળીને છ શખ્સો સામે આઈપીસી કલમ ૩૦૭, ૩૪૭, ૩૪૮, ૩૨૫, ૧૪૯ મુજબ ગુનો દાખલ કરી તેમની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. ચિલોડા ઈન્ચાર્જ પી.આઈ. વાય.આર. મિશ્રાએ ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.







ગાંધીનગરની સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ગુરુવારે રાત્રે ટાઉનહોલ ખાતે ખુશ્બુ ગુજરાત કી ફેઈમ વૉઈસ ઓફ લતા મંગેશકર તરીકે જાણીતા સુપ્રસિધ્ધ ગાયિકા વર્ષા કુલકર્ણીનો સંગીતમય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગાયક અજય પટેલ ઉપરાંત યુવા કલાકાર અક્ષય તમપચેએ તેમનો સાથ આપ્યો હતો. કાર્યક્રમનું રસપ્રદ સંચાલન કરવા સાથે જાણીતા સંચાલક મોહસીખાને પણ કર્ણપ્રિય ગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદી સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આજે ભારત વિકાસ પરિષદની વાર્ષિક સાધારણ સભા યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરની ભારત વિકાસ પરિષદની વર્ષ ૨૦૧૭-૧૮ની વાર્ષિક સાધારણ સભા તા. ૨૯મી એપ્રિલ શનિવાર સાંજે ૬.૩૦ કલાકે હોટલ ઘુંઘટ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં સંસ્થાના ગત વર્ષના કાર્યક્રમોનું સરવૈયુ તેમજ હિસાબોના લેખા જોખા તેમજ આગામી વર્ષનું આયોજન ઘડી કાઢવામાં આવશે. આ સાથે નવી કારોબારીની જાહેરાત પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પરિષદના તમામ સભ્યોને અનુરોધ કરવામાં આવ્યો છે. આ વર્ષનો પ્રથમ કાર્યક્રમ હોઈ સેવાના ભાગરૂપે એક દિવ્યાંગ વ્યકિતને ટ્રાઈસિકલ ભેટ આપવામાં આવનાર છે.

# સિવિલ હોસ્પિટલમાં પાણીની પાઈપ લિકેજ થતા વોર્ડમાં પાણી ભરાયા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ભોંયતળિયે આવેલા એનઆઈસીયુ વિભાગમાં મોડી રાત્રિએ અચાનક પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા સમગ્ર વોર્ડમાં ઢીંચણ સમા પાણી ભરાઈ જવા પામ્યા હતા. આ ઘટનાને પગલે સિવિલ હોસ્પિટલના આરએમઓ તુરંત જ ઘટનાસ્થળે ધસી આવ્યા હતા અને હોસ્પિટલના પીઆઈયુ વિભાગના કર્મચારીઓને કામે લગાડયા હતા તથા વોર્ડમાંથી પાણી કાઢવાની કવાયત હાથ ધરાઈ હતી.

સિવિલ હોસ્પિટલમાં ભોંયતળિયે જયાં એનઆઈસીયુ વિભાગ આવેલો છે ત્યાં અચાનક નળ તુટવાથી અથવા પાણીની પાઈપલાઈનમાં લિકેજ થવાથી સમગ્ર વોર્ડમાં પાણી ભરાઈ જવા પામ્યું હતું. વોર્ડના કેટલાક ભાગોમાં તો ઢીંચણ સુધીનું પાણી ભરાઈ જવા પામ્યું હતું. આ વિભાગમાં બાળકો સહિતના દર્દીઓ મોજુદ હોવાથી દર્દીઓ તથા હાજર સગા વ્હાલાંઓને મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો હતો. સિવિલ હોસ્પિટલના પીઆઈયુ વિભાગના કર્મચારીઓ તુરંત પાણીનું લિકેજ અટકાવવા તથા ભરાવો થયેલ પાણીનો નિકાલ કરલા કામે લાગી ગયા હતા. આ સમયે સિવિલ હોસ્પિટલના આરએમઓને પણ જાણ કરાતા તેઓ તુરંત જ વોર્ડમાં ધસી આવ્યા હતા અને પરિસ્થિતિનું નિરીક્ષણ કરી કર્મચારીઓને જરુરી સુચનાઓ તથા માર્ગદર્શન આપ્યું હતું. ભારે જહેમત બાદ પાણી લિકેજને અટકાવી વોર્ડમાંથી ભરાયેલા પાણીનો નિકાલ કરાયો હતો ત્યારે દર્દીઓ તથા સગાવ્હાલાઓએ હાશકારો અનુભવ્યો હતો.

## આઈ લવ માય ગાંધીનગર



**કિરીટભાઈ આર પરેરા**
સામાજિક કાર્યકર

**ગાંધીનગર ગમે**

નગરની ખૂબ સારી હરિયાળી, તેની સુંદરતા, તેથી મળતી ચોખ્ખી, શુદ્ધ હવા, ઘોંઘાટ વિનાનું જીવન, શુદ્ધ પાણી, રહેઠાણની સારી વ્યવસ્થા, સારો લોકસમૂહ, શાંતિપ્રિય નગર હોવાથી ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, બુદ્ધિશાળી, કલાપ્રેમી, પરગજુ, સેવાભાવી, એકબીજા સાથે ભળી જનાર અને સજ્જન નાગરિકો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

વિભિન્ન સંસ્થાઓ દ્વારા થતી વ્યક્તિવિકાસની પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સફાઈ ઉપર પૂરતું ધ્યાન, જાહેર મિલકતોને નુકસાન ન થાય તે માટે યોગ્ય પગલાં અને યુવાધનને શહેરની જાળવણી તથા વ્યસનમુક્ત જીવન માટે પ્રેરણા મળે તે જરૂરી લાગે છે.

**નગર માટે હું કરી શકું**

વૃક્ષારોપણ, સફાઈ, જાહેર મિલકતની સાચવણી જેવાં કામો માટે સેવારત છું ને રહીશ.

# શહેરમાં મકાનભાડાના ધંધામાં ભારે ચહલપહલ

## બદલી મેળવી ગાંધીનગર આવેલા કર્મચારીઓ ઉપરાંત સંતાનોને સારું શિક્ષણ મળે તે હેતુથી સ્થળાંતરિત થઈને આવતા પરિવારોની નવી ટર્મ ચાલુ થાય તે પહેલા ઘર મેળવી લેવા કવાયત

ગાંધીનગર, તા.૨૮

શાળાઓમાં ઉનાળુ વેકેશનના પ્રારંભ સાથે જ શહેરમાં મકાનો ભાડે આપવાના કાર્યમાં તેજી સાથે ચહલપહલ જોવા મળી રહી છે. આ વેકેશન દરમિયાન ગાંધીનગરના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી નવા પરિવારો શહેરમાં સ્થાયી થવા અથવા હંગામી ધોરણે રહેવા આવવા સ્થળાંતરિત થઈને આવતા હોવાથી આ સમયે પ્રોપર્ટી ભાડાના બિઝનેસમાં ભારે હલચલ જોવા મળે છે. આ કારણે શહેરમાં મકાન ભાડાની દલાલી કરતા નાના મોટા બ્રોકર્સ પણ અત્યારે ખૂબ સક્રિય થયેલા જોવા મળી રહ્યા છે.

રાજયનું પાટનગર હોવાને કારણે ગાંધીનગરમાં દર વર્ષે નવા સરકારી કર્મચારીઓ બદલી પામીને આવતા હોય છે. તાજેતરમાં જ જુદા જુદા સરકારી વિભાગોમાં મોટા પાયે બદલીઓ કરવામાં આવી છે એ જ રીતે બહારગામથી બદલી પામીને અહીં આવેલા કર્મચારીઓ ઉનાળુ વેકેશન દરમિયાન બાળકોને સ્કૂલમાં એડમિશન વગેરે નવી ટર્મથી મળી રહે તે માટે એકાદ માસ વહેલા આવી પહોંચે છે. વળી, ગાંધીનગર હવે શિક્ષણનગરી તરીકે પણ પ્રસિધ્ધ પામ્યું હોવાથી ગાંધીનગર ઉપરાંત સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા વગેરે જિલ્લાઓમાંથી પોતાના સંતાનોને સારું શિક્ષણ અપાવવા પરિવારો પાટનગરમાં સ્થળાંતરિત થઈ રહ્યા છે. નવી ટર્મથી પોતાના બાળકો નવી જગ્યાએ સેટ થઈ રહ્યા છે. નવી ટર્મથી પોતાના બાળકો નવી જગ્યાએ સેટ થઈ જાય તેવા ઉદ્દેશથી આ પરિવારો ઉનાળુ વેકેશનમાં ગાંધીનગર શીફટ થવાનું પસંદ કરતા હોવાથી પણ મકાન ભાડાના બજારમાં તેમની માંગ ઉમેરો કરે છે. આ સાથે શહેરમાં વિકસેલ ટીસીએસ સહિતની અનેક નાની-મોટી કંપનીઓ તથા ગીફટ સીટીના વિકાસથી તેમાં કામ કરતા કર્મચારીઓ બદલી પામીને ગાંધીનગર આવ્યા હોય ત્યારે તેઓ આ વેકેશન દરમિયાન પરિવારોને શીફટ કરવાનું પસંદ કરી રહ્યા છે. એકંદરે ઉનાળુ વેકેશનમાં ગાંધીનગરમાં મકાન ભાડાના ધંધામાં ભારે ચહલપહલ સાથે તેજી જોવા મળે છે.

### ન્યુ ગાંધીનગરના ગુડા વિસ્તારોના ફ્લેટસ આર્શિવાદરૂપ

ગાંધીનગર એક પ્લાન્ડ સીટી હોવાથી સેકટરની અંદર મકાનોની સંખ્યામાં વધારો થતો નથી, વળી સેકટરમાં બહુમાળીય ફલેટ બનાવવાની પરમિશનમાં પણ નિયંત્રણો હોવાથી આ સમસ્યા વધુ ઘેરી બની છે. આ કારણે શહેરની બહારના ભાગમાં ન્યુ ગાંધીનગર તરીકે વિકસેલા રાયસણ-કુડાસણ-સરગાસણ સહિત વાવોલ જેવા ગુડા વિસ્તારોમાં વિકસેલા બહુમાળીય ફલેટસ નવા પરિવારો માટે આર્શિવાદરૂપ સાબિત થઈ રહ્યાં છે.

## સે-૧ ગાયત્રી શકિતપીઠ ખાતે નિઃશુલ્ક યોગ-ધ્યાન શિબિર

ગાંધીનગર, તા.૨૮

દિવ્ય જીવન સંઘની ગાંધીનગર શાખા દ્વારા ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે આગામી તા. ૧લીમેથી તા.૧૦મી મે દરમિયાન દરરોજ સવારે ૭ થી ૮.૧૫ કલાક સુધી નિઃશુલ્ક યોગ-ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોગ ધ્યાન શિબિર સે-૧માં ગાયત્રી શકિતપીઠ ખાતે યોજાશે. જેમાં યોગાસન, પ્રાણાયામ, ધ્યાન ઉપરાંત તણાવ પર નિયંત્રણ, સાચું શ્વસન, વિવિધ બિમારીઓમાં ઉપચાર માટે તથા બિમારીઓ રોકવા માટેના આસનો-પ્રાણાયામ, શારિરીક-માનસિક આરોગ્ય વિગેરેનું પ્રશિક્ષણ આપવામાં આવનાર છે.

## ચિરવિદાય

● સ્વ. બબાભાઈ શંકરભાઈ પટેલ, ઉ.વ. ૮૫